દિવ્ય ભાસ્કર, અમદાવાદ ફ્રંટ પેજ

તારીખ :- 30/10/2025

ગિફ્ટ સિટી અને કોટેશ્વરથી એરપોર્ટ સુધીના મેટ્રોના કામનું ખાતમુહૂર્ત કરશે

સાબરમતીથી વારાણસી અને બહુચરાજી મેમુ ટ્રેનને મોદી આજે લીલીઝંડી આપશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

દિવાળી પહેલાં ગુજરાતને બે નવી ટ્રેનની ભેટ મળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સથી સાબરમતી-વારાણસી એક્સપ્રેસ અને મહેસાણા–બહુચરાજી–સાબરમતી મેમુ ટ્રેનને લીલી ઝંડી બતાવશે. સાબરમતીથી વારાણસી વચ્ચે દૈનિક દોડનારી એક્સપ્રેસ ટ્રેન ગુજરાત, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશને જોડશે. તેનાથી કાશી વિશ્વનાથ ધામનાં દર્શને જતા શ્રદ્ધાળુઓને નવો વિકલ્પ મળશે. જ્યારે મેમુ ટ્રેનથી વિદ્યાર્થીઓ, નોકરિયાતો અને બહુચરાજી દર્શન કરવા જતાં લોકોને લાભ મળશે.

અમદાવાદથી વારાણસી માટે હાલ 13 ટ્રેન દોડે છે

- ટ્રેન નંબર: 12205/12206
- સાબરમતીથી સવારે 5:20એ ઉપડશે, બીજા દિવસે સવારે 6:30એ પહોંચશે.
- વારાણસીથી સાંજે 5:30 ઉપડશે અને સાબરમતી બીજા દિવસે રાત્રે 8.15એ પહોંચશે.
- મહેસાણા, પાલનપુર, આબુ રોડ, અજમેર, જયપુર, આગ્રા, ગોવિંદપુરી અને મિર્ઝાપુર સહિતનાં સ્ટેશને ઊભી રહેશે.
- કાલુપુર-સાબરમતીથી વારાણસી માટે અત્યારે કુલ 13 ટ્રેન દોડે છે.

મેમુ સાબરમતીથી સવારે 6.40એ ઉપડશે

- સાબરમતીથી સવારે 6:40એ ઉપડી 8:05એ બહુચરાજી પહોંચશે.
- બહુચરાજીથી 8:07 વાગ્યે ઉપડી મહેસાણા 9:45 વાગ્યે પહોંચશે.
- સાબરમતીથી સાંજે 5:05 વાગ્યે ઉપડી બેચરાજી 6:48 વાગ્યે પહોંચશે.
- બેચરાજીથી 6:50 વાગ્યે ઉપડી મહેસાણા 8:25 વાગ્યે પહોંચશે.
- ચાંદખેડા, કલોલ, કડી, ભોયણી, કટોસણ રોડ, બેચરાજી, ચાણસ્મા અને રણુજ.